ક્રમાંક/હિસાબી-૪/વા.ઈ./૨૦૧૮/ ૨૫૦૪૭-૨૩૬

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,

બનાસકાંઠા, પાલનપુર.

તા :- ૨૨/૦૬/૨૦૧૮

પ્રતિ,

આચાર્ય શ્રી,

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ગ્રાન્ટેડ તમામ,

જિલ્લો – બનાસકાંઠા.

વિષય : વાર્ષિક ઈજાફો છોડવા બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સરકારશ્રીના નિયમો મુજબ સાતમાં પગાર પંચ અન્વયે દરેક કર્મચારીઓને જુલાઈ માસમાં ઈજાફો આપવાનું નક્કી કરવામાં આવેલ છે.જેથી આપના શાળામાં ફરજ બજાવતાં અને સાતમાં પગાર પંચ મુજબ પગાર મેળવતા તમામ કર્મચારીઓને જુન-૨૦૧૮ ના પગાર મુજબ પે મેટ્રિક્સનાં લાગુ પડતાં લેવલમાં ઈજાફાની રકમ ધ્યાનમાં લઈ શાળા દ્વારા રજુ કરવામાં આવતા જુલાઈ – ૨૦૧૮ ના પગાર બીલના ડેટા સાથે આર.ટી.– ૩ માં નીચે આપેલ નમૂનામાં તારીખ : ૦૩/૦૭/૨૦૧૮ સુધીમાં પગાર બીલ રજુ કરવાના રહેશે.તારીખ : ૦૩/૦૭/૨૦૧૮ પછી આવેલ પગાર બીલ બાબતે જે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તેની સંપૂર્ણ જવાબદારી શાળાના આચાર્યશ્રી ની રહેશે જેની નોંધ લેશો.

આર.ટી.– ૩ માં શાળામાં ફરજ બજાવતા તમામ કર્મચારીઓના તમામ પ્રવાહ ના એમ્પલોઈઝ નંબરો ચડતાં ક્રમમાં દર્શાવવાના રહેશે. એમ્પલોઈઝ નંબરો ચડતાં ક્રમમાં દર્શાવેલ નહી હોય તેવી શાળાનું પગાર બિલ ધ્યાનમાં લેવામાં આવશે નહી. અને આ અંગે જે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તેની સંપૂર્ણ જવાબદારી શાળાના આચાર્યશ્રીની રહેશે.

જે કર્મચારીઓ તારીખ : ૩૦/૦૬/૨૦૧૮ના રોજ વય નિવૃત્તિના કારણે નિવૃત્ત થતાં હોય અને સરકારશ્રીના નિયમ મુજબ તારીખ : ૩૧/૧૦/૨૦૧૮ના રોજ સત્રના લાભ સાથે નિવૃત્ત થનાર કર્મચારીઓનો ઈજાફો છોડ્યા સીવાય જુન ૨૦૧૮ માં જે પગાર મેળવતાં હોય તે જ પગાર દર્શાવવાનો રહેશે.

**આર.ટી.- ૩નો નમુનો**

| ક્રમ | કર્મચારીનું નામ | એમ્પ્લોઇઝ નંબર | તા. ૦૧/૦૭/૨૦૧૮ ના રોજ ઈજાફો છોડવાથી | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | છઠ્ઠા પગારપંચ માં થતો પગાર | | | સાતમાં પગાર પંચમાં થતો પગાર | |
| | | | પે બેન્ડ | ગ્રેડ પે | કુલ પગાર | પગાર | લેવલ |
| ૧ | | | | | | | |
| ૨ | | | | | | | |

જિલ્લા શિક્ષણાધિકારી,

બનાસકાંઠા,પાલનપુર

નોંધ : (૧) ઘણી શાળા તરફથી કર્મચારીઓના એમ્પ્લોઇઝ નંબર ચઢતાં ક્રમમાં દર્શાવવામાં આવતા નથી જેના કારણે વેરીફીકેશન કરવામાં મુશ્કેલી ઉભી થાય છે. જે શાળામાં એમ્પ્લોઇઝ નંબરો ચઢતાં ક્રમમાં દર્શાવેલ નહી હોય તેવી શાળાના કર્મચારીઓના ઈજાફા છોડવામાં આવશે નહી. (૨) સાતમાં પગારપંચ મુજબ જે કર્મચારીઓને હાલમાં જે પગાર મેળવે છે તેનું નજીકનું સ્ટેજ જે તે લેવલમાં લેવાનું રહેશે. દા.ત.૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે- ૪૪૦૦ માં હાલ પગાર રૂા. ૬૨,૨૦૦/- મેળવે છે તો તે કર્મચારીને (મેટ્રીક્ષ મુજબ) જુલાઇ ૨૦૧૮માં રૂા. ૬૪,૧૦૦ મળવાપાત્ર થાય.